# રાઈટ ટુ ઈન્ફમેશન એકટ- ૨૦૦૫

## <u>પ્રકરણ-૧</u>

૧.૧. માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અન્વયે આ પુસ્તિકા તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકાથી સામાન્ય વ્યકિત તેમજ દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓ,સભાસદોને જાણકારી આપવા માટે છે.

૧.૨ આ પુસ્તિકા દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓ અને તે સાથે સંકળાયેલ,સભાસદો, ઉપભોકતાઓ ને માહિતી અધિકાર અંતર્ગત ,સંસ્થાઓની, કાર્યવાહીથી પારદર્શક વહીવટની જાણકારી મેળવવાનો છે.

૧.૩ આ પુસ્તિકા દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓ, સહકારી દૂધ ઉત્પાદક સંસ્થાઓના સભાસદો દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાઓના ઉત્પાદનોના ઉપભોકતાઓ,તેમની સાથે સંમળાયેલ તમામ વ્યકિત,સંસ્થા કે સંગઠનોને ઉપયોગી છે.

૧.૪ આ અધિનિયમ અંતગત જીલ્લા કક્ષાએ મદદનીશ માહિતી અધિકારી તરીકે સ્પેશ્યલ ઓડીટર (મીલ્ક) મીલ્ક ઓડીટ ઓફિસ અને રાજ્ય કક્ષાએ વહીવટની બાબતો માટે અને અન્ય બાબતો માટે આ કચેરીમાં બે અલગ અલગ માહિતી અધિકારીઓની તેમજ એપેલેટ ઓથોરીટી તરીકે મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીની નિમણુંક કરેલ છે.

૧.૫ અ. દૂધ સંઘો પ્રાથમિક સહકારી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનું દૂધ એકત્ર કરી તેની વ્યવસ્થા

કરનાર જીલ્લા કક્ષાએ સહકારી દૂધ ઉત્પાદક સંઘ

બ. પ્રાથમિક દુધ મંડળીઃ

ગ્રામ્ય કક્ષાએથી સભાસદો પાસેથી દૂધ એકત્ર કરનાર પ્રાથમિક દુધ ઉત્પાદક સહકારી મંડળી.

ક. ફેડરેશનઃ રાજ્ય કક્ષાએ જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘોના વધારા દૂધની વ્યવસ્થા કરતી તથા તેના ઉત્પાદનોની બજાર વ્યવસ્થા કરનાર સહકારી સંસ્થા.

ડ. ઓડીટરઃ દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાનું ઓડીટ કરનાર નિમાયેલ ઓડીટર.

ઈ. નિયામક મંડળઃ દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાના સંચાલન માટે ચુંટાયેલ/નિમાયેલ વ્યકિતઓનું બજેલ નિયામક મંડળ.

ફ.	વ્યવસ્થાપક કમીટીની બેઠકઃ સહકારી દૂધ ઉત્પાદક સંસ્થાના નિયામક મંડળ/વ્યવસ્થાપક કમીટી ધ્વારા આયોજાયેલ બેઠક.



ગ.	સાધારણ સભાઃ સંસ્થાના સભાસદો ધ્વારા વર્ષમાં એકવાર, વર્ષ દરમ્યાનના કામો માટે મળતી સભા.

ધ.	ચેરમેન /પ્રમુખઃ સંસ્થામાં ચુંટાયેલ/નિમાયેલ દૂધ ઉત્પાદક સહકારી સંસ્થાનો વડો.

ચ.	મંત્રી/સેક્રેટરી : મંડળી/ સંસ્થાના રોજમેળ રોજનાં કામો માટે નિમાયેલ વ્યકિત.

૧.૬	કોઈ વ્યકિત આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો સિવાયની બાબતોની વધુ માહિતી મેળવવા માગે તો મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીનો સંપર્ક કરીશકે છે.

૧.૭	આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તેવી માહિતી મેળવવા માટે મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીનો સંપર્ક કરવાનો અને ઠરાવેલી ફી ભરવાની રહેશે.